**તા.૧૨/૧૨/૨૦૨૨**

**દામનગરના રાભડા ગામની સીમમાં આવેલ વાડીએથી મોટર સાઇકલની ચોરી કરનાર ઇસમને ચોરીના મોટર સાઇકલ સાથે પકડી પાડી, વાહન ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી.**

➪ **ગુન્હાની વિગતઃ-**

હિંમતભાઇ વલ્લભભાઇ મેરૂલીયા, ઉં.વ.૬૧, ધંધો.ખેતી, રહે.રાભડા, તા.લાઠી, જિ.અમરેલી વાળાની રાભડા ગામની સીમમાં ભટવદર જવાના રસ્તે વાડી આવેલ હોય, આ વાડીએથી ગઇ તા.૧૯/૧૦/૨૦૨૨ ના સવારે કલાક ૯/00 થી કલાક ૧૨/00 દરમ્યાન કોઇ અજાણ્યા ઇસમે હોન્ડા શાઇન મોટર સાઇકલ, રજી.નંબર GJ-5-FS-7870, કિં.રૂ.૧૦,000/- ની ચોરી કરી લઇ ગયેલ. આ અંગે હિંમતભાઇ વલ્લભભાઇ મેરૂલીયાએ ફરિયાદ લખાવતાં, દામનગર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૭૨૨૦૪૬૫/ ૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ નોંધાયેલ.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ. શ્રી એ.એમ.પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ભુરખીયા ચોકડી પાસેથી એક ઇસમને મોટર સાઇકલ ઉપર શંકાસ્પદ હાલતમાં આંટા-ફેરા મારતા પકડી પાડી, તેની સઘન પુછપરછ કરતાં, આ મોટર સાઇકલ હિંમતભાઇ વલ્લભભાઇ મેરૂલીયાની વાડીએથી ચોરાયેલ તે જ મોટર સાઇકલ હોય, પકડાયેલ ઇસમને ચોરીના મોટર સાઇકલ સાથે આગળની કાર્યવાહી થવા દામનગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➪ **પકડાયેલ આરોપીઃ-**

ભાયલાલ ઉર્ફે સંજય દેવજીભાઇ તડવી, ઉં.વ.૪૦, રહે.હરેશ્વર, તા.સંખેડા, જિ.છોટા ઉદેપુર.

➪ **પકડાયેલ મુદ્દામાલઃ-**

હોન્ડા શાઇન મોટર સાઇકલ, રજી.નંબર GJ-5-FS-7870, કિં.રૂ.૧૦,000/- **નો મુદ્દામાલ.**

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા એલ.સી.બી. ટીમ ના એ.એસ.આઇ. પોપટભાઇ ટોટા, હેડ કોન્સ. સુખદેવભાઇ ગોંડલીયા, પો.કોન્સ. તુષારભાઇ પાંચાણી, નિકુલસિંહ રાઠોડ તથા અશોકભાઇ સોલંકી નાઓ દ્વારા કરવામાં આવેલ છે.

તા.૧૨/૧૨/૨૦૨૨

## અમરેલી જિલ્લાના નાના રાજકોટ ગામે વૃધ્ધ દંપતીને માર મારી, વૃધ્ધની હત્યા તેમજ ગુજરાત ભરમાં લુંટ, ધાડ ના ૨૧ ગુનાઓમાં સંડોવાયેલ આરોપીને કુલ કિં.રૂ.૪,૦૦,૦૦૦/- મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

⇨ ગુન્હાની વિગતઃ-

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના નાના રાજકોટ ગામે લખમણભાઇ વિરજીભાઇ વાડદોરીયા, ઉં.વ.૭૨ પોતાના પત્ની નબુબેન, ઉં.વ.૬૮ સાથે એકલા રહેતા હતાં અને ખેતી કરતાં હતાં. ગઇ તા.૧૩/૦૯/૨૦૨૨ ના રાત્રિ દરમિયાન કોઇ પણ સમયે અજાણ્યા ત્રણ આરોપીઓએ લખમણભાઇના ઘરમાં ચોરી/લુંટ કરવાના ઇરાદે પ્રવેશ કરેલ, આ દરમિયાનમાં લખમણભાઇ તથા તેમના પત્ની નબુબેન જાગી જતાં, આરોપીઓએ લખમણભાઇ તથા તેમના પત્નીને લાકડાના ધોકાઓ વડે માથામાં અને શરીરે આડેધડ માર મારી, લખમણભાઇનું સ્થળ પર મોત નિપજાવી, નબુબેનને મરણતોલ ઇજાઓ કરી, તેમના ઘરમાંથી રોકડા રૂપિયા તથા સોનાના દાગીના તથા ડ્રીમ યુગા મોટર સાયકલ રજી.નં. GJ-14-AH-6990, ની લુંટ કરી નાસી ગયેલ. જે અંગે લખમણભાઇના દીકરા નરેશભાઇ લખમણભાઇ વાડદોરીયા, રહે.નાના રાજકોટ, હાલ સુરત વાળાએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતાં લીલીયા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૩૫૨૨૦૪૬૭/૨૦૨૨, આઇ.પી.સી.કલમ ૩૦૨, ૩૦૭, ૪૪૯, ૩૯૨, ૩૯૪, ૩૯૭, ૩૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો રજી. થયેલ.

અમરેલી એલ.સી.બી., એસ.ઓ.જી., લીલીયા તથા ધારી પો.સ્ટે.ની પોલીસ ટીમો દ્વારા અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. શકદારોને ચેક કરવામાં આવેલ. ગુના વાળી જગ્યાની આજુબાજુમાં રહેતા રહીશો તથા ભોગ બનનાર દંપતીના સગા સબંધીઓની પુછપરછ કરી, આ ગુનો બનવા પાછળના કારણ અંગે તપાસ કરવામાં આવેલ. અંગત બાતમીદારો અને ટેકનીકલ સોર્સ દ્વારા આરોપીઓ અંગે તપાસ કરવામાં આવેલ. આરોપીઓ ગુનાને અંજામ આપી, નાસી જતી વખતે આરોપીઓ જે રસ્તાઓનો ઉપયોગ કરી શકે તેવા સંભવિત તમામ રસ્તાઓ પરના સી.સી.ટી.વી. ફુટેજનો જીણવટ ભરી રીતે અભ્યાસ કરવામાં આવેલ. આ ગુનાના શકમંદ ઇસમોની તપાસ કરતાં (૧) ટીપુ કનીયાભાઇ ઉર્ફે કનુભાઇ બામણીયા, ઉ.વ.૨૨, રહે.ગામ રૈયાવણ, પટેલ ફળીયુ, સરકારી દવાખાનાની બાજમાં, તા.ધાનપુર, તા.જિ.દાહોદ, હાલ રહે.ઓટાળા, તા.ટંકારા, જિ.મોરબી વાળાને ઇસમને ગામ- રૈયાવણ, તા.ધાનપુર, જિ.દાહોદ તથા (૨) પ્રકાશ ઉર્ફે સુરીયો ગુરૂજી રાવત, ઉ.વ.૨૫, રહે.ગામ મુળ જેતપુર, કાસલા ફળીયા, હેન્ડપમ્પની બાજુમાં, તા.લીમખેડા, જિ.દાહોદ, હાલ રહે.બાંડીબાર, ગડા ફળીયુ, તા.લીમખેડા, જિ.દાહોદ, હાલ રહે.બલદાણા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર વાળાને ગામ- બલદાણા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગરથી રાઉન્ડ અપ કરી, તેમની સઘન પુછપરછ કરતાં તેઓએ પુનીયા સવલાભાઇ ગણાવા રહે.કાંટુ, તા.ધાનપુર, જિ.દાહોદ વાળા સાથે મળી આ ગુનાને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ખુન, લુંટ જેવા ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ આ ખુન અને લુંટના ગુનાને અંજામ આપનાર આરોપીને પકડી પાડવા અમરેલી એલ.સી.બી. ને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ નાઓની રાહદબરી હેઠળ એલ.સી.બી. ટીમે બાતમી હકિકત આધારે ગુજરાત ભરના અલગ અલગ જિલ્લાઓના ૨૧ ગુનાઓમાં

સંડોવાયેલ તેમજ લુંટ, ધાડના ગુનાઓમાં નાસતા ફરતા આરોપી પુનીયા સવલાભાઇ ગણાવાને પકડી પાડી, તેમની સઘન પુછપરછ કરતાં તેઓએ આ ગુનાને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

## ⇨ પકડાયેલ આરોપીની વિગતઃ-

પુનીયો ઉર્ફે પુનો ઉર્ફે બુસો ઉર્ફે જાડીયો સવલા ગણાવા, ઉ.વ.૩૨, રહે. મુળ રૈયાવણ, નદી ફળીયું, તા.ધાનપુર, જિ.દાહોદ હાલ રહે.કાંટુ, નિશાળ ફળીયુ, તા.ધાનપુર, જિ.દાહોદ.

## ⇨ કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-

સોનાની લગડી આશરે વજન ૯૦ ગ્રામ, કિં.રૂ.૪,૦૦,૦૦૦/-

## ⇨ પકડાયેલ આરોપીની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકતઃ-

પકડાયેલ આરોપી પુનીયો ઉર્ફે પુનો ઉર્ફે બુસો ઉર્ફે જાડીયો સવલા ગણાવા, વાળાની પુછ પરછ કરતા નીચે મુજબના ગુનાઓમાં પકડવાનો બાકી હોવાની હકીકત જણાવે છે .

(૧) આજથી આશરે અગીયારેક માસ પહેલા પુનીયા સવલા ગણાવા તથા પારસીંગ ઉર્ફે પારૂ ઉર્ફે રાજુ જોરીયાભાઇ ઉર્ફે જોરસીંગ વહુનીયા, રહે.પાનમ, તા.ધાનપુર, જિ.દાહોદ તથા નરૂ કાળીયાભાઇ પરમાર, રહે.ભાનપુર, તા.ધાનપુર, જિ.દાહોદ વાળાઓ સાથે મળીને રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મોટાવડા ગામે એક મહિલા અને તેના દીકરાને માર મારી, સોનાના ઘરેણા તથા રોકડા રૂ.૧,૫૦,૦૦૦/- ની લુંટ કરેલ હતી. જે અંગે ખરાઇ કરતાં રાજકોટ ગ્રામ્ય લોધિકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૩૦૩૦૨૨૦૦૧૩/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૯૪, ૩૯૭, ૫૦૬(૨), ૪૫૦, ૩૪ મુજબનો ગુનો રજી. થયેલ છે. જે ગુનામાં પુનીયા સવલા ગણાવાને અટક કરવાનો બાકીમાં છે.

(૨) ઉપરોક્ત બનાવના એકાદ મહિના બાદ પુનીયા સવલા ગણાવા તથા પારસીંગ ઉર્ફે પારૂ ઉર્ફે રાજુ જોરીયાભાઇ ઉર્ફે જોરસીંગ વહુનીયા, રહે.પાનમ, તા.ધાનપુર, જિ.દાહોદ તથા નરૂ કાળીયાભાઇ પરમાર, રહે.ભાનપુર, તા.ધાનપુર, જિ.દાહોદ તથા દિનેશભાઇ નરશુભાઇ પરમાર, રહે.પીપરગોટા, તા.ધાનપુર, જિ.દાહોદ તથા કમલેશભાઇ જાલમભાઇ વાખળા, રહે.પીપરગોટા, તા.ધાનપુર, જિ.દાહોદ એ રીતેનાઓએ સાથે મળીને રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના રાજપરા ગામની સીમમાં આવેલ એક મકાનમાં અગાશીમાંથી ઘરમાં ઉતરી, એક ભાભાને માર મારી, સોનાની બુટી તથા રોકડા આશરે રૂ.૧,૧૦,૦૦૦/- તથા મોબાઇલ ફોનની લુંટ કરેલ હતી. જે અંગે ખરાઇ કરતાં રાજકોટ ગ્રામ્ય કોટડા સાંગાણી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૩૦૩૦૨૬૨૨૦૦૫૦/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૯૪, ૪૫૦, ૧૧૪ મુજબનો ગુનો રજી. થયેલ છે. જે ગુનામાં પુનીયા સવલા ગણાવાને અટક કરવાનો બાકીમાં છે.

(૩) આજથી આશરે બાર-તેર મહિના પહેલા પુનીયા સવલા ગણાવાએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાવ ગામે છાપરી ફળીયામાં એક મકાનમાં બાકોરૂ પાડી, વરસન મગન પરમાર, પ્રવિણ ઉર્ફે પવલા નારસીંગ પરમાર, પારસીંગ ઉર્ફે પારૂ જોરીયા પરમાર, મુકેશ બગાભાઇ પરમાર તથા નરૂ કાળીયા પરમાર સાથે મળીને રોકડા રૂ.૧,૫૦,૦૦૦/- તથા સોના ચાંદીના દાગીના અને મોબાઇલ ફોનની લુંટ કરેલ, જે અંગે ખરાઇ કરતાં દાહોદ જિલ્લો ધાનપુર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૮૨૧૦૧૪૨૧૦૬૩૧/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૫૦૬(૨) મુજબનો ગુનો રજી. થયેલ છે. જે ગુનામાં પુનીયા સવલા ગણાવાને અટક કરવાનો બાકીમાં છે.

આ ઉપરાંત પુનીયા સવલા ગણાવાની પુછપરછ દરમ્યાન તેણે નીચે મુજબની ચોરીઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.

(૧) આજથી આશરે એકાદ વર્ષ પહેલા વડગામથી અંબાજી તરફ જવાના રોડ ઉપર આવેલ એક ગામ કે જેનું નામ પોતાને આવડતું નથી, તે ગામે પુનીયા સવલા ગણાવા તથા ટીપુ કનીયાભાઇ બામણીયાએ એક દુકાનના શટર તોડી, રોકડ રકમ તથા લાડુની ચોરી કરેલ.

(૨) આજથી આશરે એકાદ વર્ષ પહેલા પુનીયા સવલા ગણાવા તથા પારૂ જોરીયા વોહનીયા, રહે.પાનમ, તા.ધાનપુર વાળાએ ભરૂચના ઝઘડીયાથી આગળ આવેલ રાજપારડી ગામે ભાલદ રોડ ઉપર રેલવે ફાટક પાસે આવેલ એક સોના-ચાંદીની દુકાનના પતરા ખેસવી, ચોરી કરવાની કોશિષ કરેલ.

(૩) આજથી આશરે એકાદ વર્ષ પહેલા પુનીયા સવલા ગણાવા તથા પારૂ જોરીયા વોહનીયા, રહે.પાનમ, તા.ધાનપુર વાળાએ જામનગરના લાલપુર તાલુકાના રામપર ગામે એક દુકાનમાંથી રોકડ રકમની ચોરી કરેલ હતી.

(૪) આજથી આશરે એકાદ વર્ષ પહેલા પુનીયા સવલા ગણાવા તથા પારૂ જોરીયા વોહનીયા, રહે.પાનમ, તા.ધાનપુર વાળાએ ગોંડલ ખાતે મોવયા રોડ પર આવેલ રૈયાણીનગરમાં એક બંધ મકાન તોડી ચોરી કરવાની કોશિષ કરેલ.

(૫) આશરે દોઢેક વર્ષ પહેલા પુનીયા સવલા ગણાવા તથા પારૂ જોરીયા વોહનીયા, રહે.પાનમ, તા.ધાનપુર વાળાએ ખેડામાં શાંતિનગર વિસ્તારમાં ટાવરની પાસે આવેલ એક મકાનમાં રાત્રે ચોરી કરવાની કોશિષ કરેલ હતી. તે જ રાત્રે ત્યાંથી થોડે દુર આવેલ બીજા એક મકાનમાં પણ ચોરી કરવાની કોશિષ કરેલ હતી.

મજકુર આરોપીના નીચે મુજબની કોર્ટના પકડ વોરંટ ઇસ્યુ થયેલ છે.

(૧) નામ.એડી.સેશન્સ કોર્ટ, ધોળકાના સે.કે.નંબર ૪૦/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૯૭, ૩૯૫, ૪૫૨, ૪૦૨

(૨) નામ.એડી.ચીફ કોર્ટ, લીમખેડાના ફો.કે.નંબર ૯૭૬/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪

(૩) નામ.એડી.ચીફ કોર્ટ, લીમખેડાના ફો.કે.નંબર ૯૭૮/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૪૨૯, ૩૮૦

(૪) નામ.જ્યુડી.મેજી.ફ.ક. કોર્ટ, લીમખેડાના ફો.કે.નંબર ૭૯૪/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૩૯૪

## ⇨ <u>પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

પકડાયેલ આરોપી પુનીયો ઉર્ફે પુનો ઉર્ફે બુસો ઉર્ફે જાડીયો સવલા ગણાવા વિરૂધ્ધમાં નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) ગોધરા ટાઉન પો.સ્ટે. જિ.પંચમહાલ ફ. ગુ.ર.નં. ૧૬૨/૨૦૦૯, ઇ.પી.કો. કલમ ૩૮૦, ૧૧૪ મુજબ.

(૨) ગોધરા તાલુકા પો.સ્ટે. જિ.પંચમહાલ ફ. ગુ.ર.નં. ૧૯૯/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૪૧૧ મુજબ.

(૩) ગોધરા તાલુકા પો.સ્ટે. જિ.પંચમહાલ ફ. ગુ.ર.નં. ૨૦૧/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૪૧૧ મુજબ.

(૪) ગોધરા તાલુકા પો.સ્ટે. જિ.પંચમહાલ ફ. ગુ.ર.નં. ૨૦૨/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૪૧૧ મુજબ.

(૫) લીમખેડા પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૯/૨૦૧૨, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭ મુજબ. ઇ.પી.કો. કલમ ૩૯૪ તથા આર્મ્સ એકટ કલમ ૨૫એબી મુજબ.

(૬) માતર પો.સ્ટે. જિ.ખેડા ફ. ગુ.ર.નં. ૨૦/૨૦૧૩, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭ તથા આર્મ્સ એકટ કલમ ૨૫ મુજબ.

(૭) માતર પો.સ્ટે. જિ.ખેડા સે. ગુ.ર.નં. ૩૦/૨૦૧૩, આર્મ્સ એકટ કલમ ૨૫ મુજબ.

(૮) લીંબાચી પો.સ્ટે. જિ.ખેડા ફ. ગુ.ર.નં. ૦૪/૨૦૧૩, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭, આર્મ્સ એકટ કલમ ૨૫(૧)સી, ૨૭(એ)(૧) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૯) ગોધરા તાલુકા પો.સ્ટે. જિ.પંચમહાલ ફ. ગુ.ર.નં. ૧૨૩/૨૦૧૩, ઇ.પી.કો. કલમ ૩૯૪ મુજબ.

(૧૦) કોથ પો.સ્ટે. જિ.અમદાવાદ ફ. ગુ.ર.નં. ૬૦/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૩૯૭, ૩૯૫, ૪૫૨, ૪૦૨ મુજબ.

(૧૧) ધાનપુર પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૬૩/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૪૫૪, ૩૮૦, ૧૧૪ મુજબ.

(૧૨) દેવગઢ બારીયા પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૧૪૫/૨૦૧૬, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૬, ૩૯૭ તથા આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ), ૨૭ મુજબ.

(૧૩) દેવગઢ બારીયા પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૩૧/૨૦૧૬, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭ મુજબ.

(૧૪) ધાનપુર પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૨૦૨/૨૦૧૬, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૪૧૧ મુજબ.

(૧૫) રાજગઢ પો.સ્ટે. જિ.પંચમહાલ ફ. ગુ.ર.નં. ૧૨૫/૨૦૧૬, ઇ.પી.કો. કલમ ૩૯૫ મુજબ.

(૧૬) લીમખેડા પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૧૨૧/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭ મુજબ.

(૧૭) લીમખેડા પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૮૫/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

(૧૮) લીમખેડા પો.સ્ટે. જિ.દાહોદ ફ. ગુ.ર.નં. ૧૧૨/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૪૨૯, ૪૫૭, ૩૮૦ મુજબ.

(૧૯) ધાનપુર પો.સ્ટે. જિ.દાહોદ ગુ.ર.નં. ૧૧૮૨૧૦૧૪૨૧૦૬૩૧/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૫૦૬(૨) મુજબ.

(૨૦) લોધિકા પો.સ્ટે. જિ. રાજકોટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૩૦૨૨૦૦૧૩/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૯૪, ૩૯૭, ૫૦૬(૨), ૪૫૦, ૩૪ મુજબ

(૨૧) કોટડા સાંગાણી પો.સ્ટે. જિ.રાજકોટ ગુ.ર.નં. ૧૧૨૧૩૦૩૦૨૬૨૨૦૦૫૦/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૯૪, ૪૫૦, ૧૧૪ મુજબ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. મનીષભાઇ જોષી, પો.કોન્સ. ભાવીનગીરી ગૌસ્વામી, સલીમભાઇ ભટ્ટી, નિકુલસિંહ રાઠોડ, વિનુભાઇ બારૈયા, ગોકળભાઇ કળોતરા, તુષારભાઇ પાંચાણી, હરેશભાઇ કુંવારકાસ, અશોકભાઇ સોલંકી દ્વારા કરવામાં આવેલ છે.

તા.૧૮/૧૨/૨૦૨૨

## બાબરા તાલુકાના રાણપર ગામની સીમમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની કુલ બોટલો નંગ – ૭૪૪ કુલ કિં.રૂ.૨,૧૫,૦૧૬/- નો મુદ્દામાલ પકડી પાડી, કવોલીટી કેસ શોધી કાઢતી અમરેલી એલ.સી.બી. ટીમ

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઇ કાલ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, રઘુ હમીરભાઇ વાળા રહે.રાણપર, તા.બાબરા, જિ.અમરેલી વાળાએ રાણપર ગામે, ખારા વિસ્તારમાં આવેલ પોતાની વાડીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો રાખેલ છે. જે બાતમી હકિકત અન્વયે રેઇડ દરમિયાન ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડેલ છે. તેમજ રેઇડ દરમિયાન મજકુર આરોપી હાજર મળી આવેલ ન હોય તેને પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે. પકડાયેલ મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ **પકડવાનો બાકી આરોપીઃ-**

રઘુ હમીરભાઇ વાળા, રહે.રાણપર, તા.બાબરા, જિ.અમરેલી.

⇨ **પકડાયેલ મુદ્દામાલઃ-**

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની મેગડોવેલ્સ નં.૧ કંપનીની ૭૫૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ-૭૪૪ કિં.રૂ.૨,૧૫,૦૧૬/- **નો મુદ્દામાલ.**

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ, જીગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, ધનશ્યામભાઇ મકવાણા તથા પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા, તુષારભાઇ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.

તા.૧૬/૧૨/૨૦૨૨

**ફોન દ્વારા યુવકનો કોન્ટેકટ કરી, લગ્ન કરવાની લાલચ આપી, મળવા બોલાવી, મહિલા સહિત પાંચ આરોપીઓએ યુવકને કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી, યુવકનો સોનાના ચેઇન બળજબરીથી કઢાવી લેનાર ટોળકીને સોનાનો ચેઇન કિં.રૂ.૧,૨૭,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

⇨ ગુન્હાની વિગતઃ-

રોહીતભાઇ રમેશભાઇ પરવાડીયા, ઉ.વ.૩૦, રહે.સુર્યપ્રતાપગઢ, તા.વડીયા, જિ.અમરેલી વાળાને નિધી નામની એક અજાણી છોકરીએ ફોનમાં કોન્ટેકટ કરી, લગ્ન કરવા બાબતે બોલાવી, રોહીતભાઇ ફોર વ્હીલ કાર લઇ આ નિધીને મળવા ગોંડલ જતા, અને આ નિધી નામની છોકરીને મળેલ અને બન્ને ફોર વ્હીલમાં જતા હતા તે દરમ્યાન અજાણ્યા આરોપીઓ મોટર સાયકલ લઇ આવી રોહીતભાઇની ફોર વ્હીલ કાર રોકી, આ આરોપીઓએ આ નીધી અમારી બહેન છે તેને તુ કયા લઇને જાય છે તેવુ કહી ધમકાવી, સમાધાન કરી લે નહીતર કેસમાં ફીટ કરી દઇશુ તેવી બીક બતાવી, સમાધાન કરવા પેટે પૈસાની માંગણી કરી, રોહીતભાઇ પાસે પૈસા ન હોય, તેને પહેરેલ સોનાનો ચેઇન કિં.રૂ.૧,૨૭,૦૦૦/- ની બળજબરીથી કઢાવી લઇ ગુન્હો કરેલ હોય જે અંગે રોહીતભાઇ ફરીયાદ જાહરે કરતા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતા **વડીયા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૦૨૨૦૪૨૦ /૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૮૪, ૧૨૦બી, ૧૧૪ મુજબનો ગુન્હો રજી. થયેલ.**

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા મિલ્કત સબંધી ગુનાઓના આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડી, તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમે ઉપરોકત ગુનાના સંડોવાયેલ તમામ આરોપીઓને બાતમી હકિકત આધારે પકડી પાડી, પકડાયેલ તમામ આરોપીઓને આગળની કાર્યવાહી થવા વડીયા પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

⇨ પકડાયેલ આરોપીની વિગતઃ-

**(૧) એજાઝ કાસમભાઇ મીર, ઉં.વ.૩૦, રહે.રાજકોટ, રૈયા ગામ, દરગાહની પાછળ, તા.જિ.રાજકોટ.**

**(૨) દર્શનાબેન ઉર્ફે નિધિ ડો/ઓ પ્રકાશભાઇ મેપાભાઇ વાડોદોરીયા, ઉં.વ.૨૩, હાલ રહે.રાજકોટ, નાના મવા સર્કલ, નહેરૂ નગર-૩, તા.જિ.રાજકોટ, મુળ રહે.કાલાવાડ, શીતલ પાર્ક, શેરી નં.૧,માતૃ કૃપા, તા.કાલાવાડ, જિ.જામનગર.**

**(૩) હરેશભાઇ બાબુલાલ જોશી (કાટીયા), ઉં.વ.૩૧, રહે.બ્લોક/૧૦, આર.એમ.સી ક્વાર્ટર, બાલાજી હોલ પાસે, તા.જિ.રાજકોટ**

**(૪) કરણ બાબુલાલ જોશી, ઉં.વ.૨૭, રહે.રાજકોટ, કાલાવાડ રોડ, વામ્બે રાજકોટ મ્યુનિસિપાલિટી ક્વાર્ટર, બ્લોક નં.૩૪, બીજા માળે, તા.જિ.રાજકોટ**

**(૫) યોગેશ ઉર્ફે ધવલ રતિભાઇ ઠાકર, ઉં.વ.૩૩, રહે.મુળ ગામ સુર્યપ્રતાપગઢ, ચોરા પાસે, તા.વડીયા, જિ.અમરેલી, હાલ રહે.સુરત, કામરેજ, બાપા સીતારામ ચોક, ક્રિષ્ના પેલેસએપાર્ટમેન્ટ, રૂમ નં.૫૦૩.**

⇨ **કબ્જે કરેલ મુદ્દામાલઃ-**

**એક સોનાનો ચેઇન કિં.રૂ.૧,૨૭,૦૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ તથા અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. મહેશભાઇ સરવૈયા, તથા હેડ કોન્સ. અજયભાઇ સોલંકી, વુ.હેડ કોન્સ. દયાબેન દસાણી તથા પો.કોન્સ. ઉદયભાઇ મેણીયા, તુષારભાઇ પાંચાણી, હરેશભાઇ કુંવરદાસ, અશોકભાઇ સોલંકી દ્વારા કરવામાં આવેલ છે.